

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છે યોગની ક્રિયા, નાક દાબી મોં ખોલાવે છે!*
*'શિવરાજ', 'સત્તા' આપીને રામ બોલાવે છે,*
*ડોલાવે આસન સાધુડા ભક્તોના બળથી -*
*આમ 'પક્ષો' સત્તાનો વાયરસ ફેલાવે છે...*

### હાઈકુ

*મતદારો ને*
*નેતા ને મઠાધીશો -*
*માને છે મૂર્ખ ?!*

*'ધાર્મિક' - નેતા*
*મંદિર-મસ્જિદને*
*બનાવે પ્યાદું ?!*

### ચિંતન

*આપદિ સારમાત્માનં વા મોક્ષયેત્ ।*
*આત્મનો વા ભૂમિમ - પ્રાપ્ય સર્વદેવ વિશુદ્ધં વ્યવહરેત્ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિ માંથી લેવામાં આવેલ છે.

વિદેશ (અન્ય પ્રદેશમાં) વેપાર કરતી વખતે અચાનક સંકટ ઊભું થાય તો (વેપારીઓ) રત્ન વગેરે સાર દ્રવ્યોની અને પોતાની રક્ષા કરવી જોઈએ. બંનેનું રક્ષણ શક્ય ન હોય તેવી પરિસ્થિતિમાં પોતાના પ્રાણ બતાવવા ત્યાંથી નીકળીને પોતાના દેશમાં પહોંચીને ત્યાંનાં બધા જ કરવેરા ચૂકવીને વિધિસરનો વેપાર સંભાળવો.

વિદેશમાં વેપાર કરનારને ચાણક્યની સલાહ છે કે વિદેશમાં રહીને વેપાર કરતી વખતે અચાનક કોઈ આફત આવી જાય તો સૌથી પહેલાં એણે પોતાના જીવ અને રત્નો વગેરે કિંમતી વસ્તુઓ બચાવવી જોઈએ.

જીવથી વધારે કંઈ નથી, જયાં જીવનું જોખમ હોય ત્યાં બીજા કશાને મહત્ત્વ આપ્યા વગર ક્ષણવારમાં જ એ સ્થળનો ત્યાગ કરવો અને એવા સ્થળે પહોંચી જવું, જયાં પોતાની સુરક્ષાની પૂરતી વ્યવસ્તા હોય.

### સુવિચાર

- પોતાના પુરુષાર્થ દ્વારા જે સત્ય શોધવામાં આવે તેને જ સાક્ષાત્કાર કહે છે - **અમૃતબિંદુ**
- અન્યને માટે આફતના ઉકળાટ જેવા નહિ,
  ઉકળાટ સમયના વાયુ વીંજણા જેવા બનજો - **એસ. ભટ્ટાચાર્ય**
- સ્નેહ વિનાનું સમર્પણ લેનાર કે દેનાર કોઈને પણ શાંતિ આપતું નથી - **ડો. વિજળીવાળા**
- મુસીબત કરતાં મુસીબતનું મ્હોરું વિકરાળ હોય છે - **ક્રાંતિ ભટ્ટ**
- શીલવાન મનુષ્ય કોને કહેવો ? સદ્‌ગુણોની પરખ, દુર્ગુણોને સહજ રીતે ત્યજવાની શક્તિ, સદ્‌ગુણોનું સહજ રીતે આચરણ કરવાની શક્તિ - **અખંડ આનંદ**
- પ્રાયશ્ચિતના ત્રણ પગથિયાં છે : આત્મગ્લાનિ, ફરીથી પાપ ન કરવાનો નિશ્ચય અને આત્મશુદ્ધિ - **મોરારિ બાપુ**

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૨૦૦૨ના નવેમ્બર મહિનાની વાત છે. ડૉ કલામે રાષ્ટ્રપતિનો હોદ્દો સંભાળ્યો અને તરત જ નવેમ્બર મહિનામાં રમઝાન ઈદ આવવાની હતી. તે પહેલાં પ્રણાલિ મુજબ રાષ્ટ્રપતિ ઈફતાર પાર્ટીનું આયોજન કરે. આ વખતે રાષ્ટ્રપતિ કલામ ખુદ મુસ્લિમ હતા એટલે ઈફતાર પાર્ટીનું ભવ્ય આયોજન કરવાનું વિચારાયું.

ડૉ કલામને કાને વાત પહોંચી એટલે એમણે એમના મિત્ર જેવા પી.એ. નાયરને બોલાવ્યા અને કહ્યું, 'આ ઈફતાર પાર્ટીમાં તો બધા ધનિકો જ આવે, આપણે એમને જમાડીએ કે ન જમાડીએ શું ફેર પડે છે? અને આમ પણ તેઓ સારું સારું જમતા જ હોય છે. આપણે આ વખતે અનાથાલાયના બાળકોને સરસ ભોજન કરાવીને તથા કપડા, ધાબળા, મિઠાઈ વગેરે વહેંચીએ.'

ડૉ. કલામે નાયરને કહ્યું, 'આ ઈફતારમાં કેટલો ખર્ચ થતો હોય છે. એ જાણકારી પણ મને આપજો.' નાયરે કહ્યું, 'સાહેબ, ઈફતારમાં અંદાજે બાવીસ લાખનો ખર્ચ થાય છે.' કલામે કહ્યું, 'એક લાખનો ચેક હું અંગત બચતમાંથી આપું છું, અને દિલ્હીમાં અનાથ બાળકો માટે આ રકમ વાપરજો... આપણે નાના અનાથ બાળકોને રાજી કરવાના છે, બાળકો રાજી થશે તો અલ્લાહ રાજી જ છે... એમની ખુશી એ જ આપણી ઈફતાર પાર્ટી છે.'

ડૉ. કલામ ૨૦૦૭ સુધી રાષ્ટ્રપતિ રહ્યા તે દરમિયાન એમણે એક પણ ઈફતાર પાર્ટી રાખી નથી. તથા દર વર્ષે ઈફતાર પાર્ટી પાછળ કરવાનો ખર્ચ ગરીબ બાળકોને રાજી કરવા માટે કરવામાં આવતો હતો.

# ગાંધીવિચાર આચરણમાં અનિવાર્ય

**તંત્રીસ્થાનેથી...**

ઉપવાસ અને ધરણાં એ અહિંસાત્મક પ્રતિકારનાં ગાંધી ચિંધ્યા શસ્ત્રો છે. બંધ પાડવા કે પડાવવા માટે જોરજુલમી કરવી પડે તે અહિંસા નથી. મહાન રાષ્ટ્ર નાયકો એમના જીવનકાળ દરમિયાન કોઈ ને કોઈ નવી વસ્તુ શીખવતા જતા હોય છે. પાછળની પેઢીઓ માટે એ અસ્કામત જરૂર બની રહે છે પણ સાથે જ એ પતિકાર શૈલીનું અનુકરણ ફેરફારો પણ કરતા રહે છે. એક દિવસ પૂરતા 'પ્રતીક ઉપવાસ' આવી જ ગાંધીના ઉપવાસની આધુનિક આવૃત્તિ છે. ગાંધીજી કયારે પ્રતીક ઉપવાસ નહોતા કરતા. એ તો સીધા જ આમરણ અનશન પર બેસી જતા હતા. પોતાની માગણી જરા પણ ખોટી હોય તો એને પહાડ જેવડી ભૂલ ગણી પ્રાયશ્ચિત પણ કરતા હતા. તેઓ સામા માણસની ભૂલને પણ પોતાનો જ દોષ સમજીને ઈશ્વર પાસે સમૂહ પ્રાર્થના કરવા બેસી જતા. ઉપવાસ એમને માટે પોટિતિકલ નહીં બલકે સ્પિરિચ્યુઅલ શસ્ત્ર હતું. આ આત્મશુદ્ધિનું હાથવગું હથિયાર હતું. ગાંધીજીના આત્માને કદાચ સૌથી વધારે વ્યથા પહોંચતી હશે તો એમના આ પવિત્ર હથિયારના એમના જ દેશવાસીઓ મારફત થઈ રહેલ દુરુપયોગથી. આજકાલ ઉપવાસ અને ધરણાંની ફેશન થઈ ગઈ છે. કોંગ્રેસીઓએ જ એ ફેશન અપનાવી છે એવું નથી. ગાંધી વિચારથી જોજનો દૂર બલકે તદ્દન સામા છેડે રહેનારા વર્તમાન શાસકો પણ ગાંધીને વટાવવામાં પાછી પાની કરતા નથી. સંસદના પરિસરમાં તેઓ ધરાર ગાંધી પ્રતિમા પાસે ધરણાં કરી કોંગ્રેસનો વિરોધ કરે છે. તો વળી રાહુલ ગાંધી પણ એમની સ્વભાવગત નિર્દોષતા છોડીને પરંપરાગત ચાલી આવતી ગાંધી ચીંધ્યા માર્ગે કરાતી ઉપવાસ - પ્રતીક ઉપવાસ કે કૂચ જેવી બાબતો શીખવા લાગ્યા છે. ગાંધીને વટાવી ખાવાની આ પ્રવૃત્તિ એ રાષ્ટ્રપિતાની ક્રૂર મશ્કરી છે. ગાંધી તો ટોપી પહેરતા જ નહોતા પણ પરેશ ધાનાણી એ પહેરીને ગાંધી વિચારના કર્મકાંડ જરૂર કરે છે. આવા નાટકચેટક રાજકારણમાં ભળે ઉચિત લાગતાં હોય, પણ એમાં કયાંક ગાંધીની અહિંસા સૂક્ષ્મદર્શક યંત્ર લઈ શોધવા બેસીએ તોય જડશે નહીં.

# 'સર, આ મારી નાનકડી ગુરુ દક્ષિણા છે...



**નવાં કલેવર**
નટવર હેડાઉ

તે બજારમાં મળી ગયો. નમીને ચરણ સ્પર્શ કર્યા. મેં તેને ઓળખવાનો પ્રયાસ કર્યો. તે બોલ્યો, 'હું અક્ષય... તમારો જૂનો વિદ્યાર્થી...' મેં હસીને તેને આવકાર્યો. પછી પૂછ્યું શું ચાલે છે ? હમણાં શું કરે છે ?

પોતાના હાથમાં પકડેલ થેલામાંથી તેણે અગરબત્તીનું એક પૅકેટ કાઢ્યું અને મારી સામે ધરતાં બોલ્યો. 'સર, આ ખરીદી લો.'

મેં પ્રશ્નસૂચક નજરે તેની સામે જોયું.

'હા, આ મારી રોજીરોજીનું સાધન છે.' તો બોલ્યો.

'પણ તું તો ભણવામાં બહું હોંશિયાર હતો.'

'હાં હતો કરો... પણ એકવાર તમે મને ખુબ મારેલો. જે ચોરી મેં કરી જ ન હતી. તેની સજા મને કરેલી. બસ તે દિવસથી મેં નિશાળ છોડી દીધી. અને હવે આ અગરબત્તી વેચીને પેટીયું રળું છું.' તેણે જવાબ આપ્યો.

હું અવાક્ તેની સામે જોતો રહ્યો.

'પણ તેં એવી નાની અમથી વાતમાં ભણવાનું કેમ છોડી દીધું.' મેં પૂછ્યું.

'સર, એ નાની સરખી વાત નહોતી. તમે જે સંસ્કારોનો પાયો નાંખેલો તેની સામે આ આરોપ ખૂબ મોટો હતો. મને એમ થયું કે તમારો વિદ્યાર્થી થઈને હું ચોરી કઈ રીતે કરી શકું ?' પણ તમે મારા પર વિશ્વાસ ન કરી શક્યા.'

મારું હૈયું અંદરથી ભીંજાઈ જતાં તેની અસર આંખોમાં દેખાઈ રહી હતી. મનમાં જબરી ગડમથલ ચાલી રહી હતી. હું ભૂતકાળમાં સરી પડ્યો હતો. શાળાના ગેટમાં પ્રવેશતાં જ મને જોઈ વિદ્યાર્થીઓ ધ્રુજી ઊઠતા. મારા હાથમાં રહેલી સોટી કદાચ તેનું કારણ હતી. સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે રમઝમ નો એ જમાનો હતો. ગાંધીના સત્યના આદર્શોનો કડક અમલ કરાવવા, સંસ્કૃતિ અને સંસ્કારોને જાળવવા કંઈ પણ કરવા માટે હું બાધ્ય બની જતો હતો. મારી સામે કલાસરૂમનું એ દૃશ્ય તરવરી રહ્યું.

એક દસ બાર વર્ષનો છોકરો મારી સામે કરગરી રહ્યો હતો. સર, મેં ચોરી નથી કરી મારા પર વિશ્વાસ કરો. મૌલિકના દફતરમાંથી પેન મેં ચોરી નથી.' પણ મારા માથે ક્રોધ જાણે કે સવાર થઈ ગયો હો. મેં સટાસટ પેલા વિદ્યાર્થીના બરડે સોટીઓ વીંછવા માંડી. તે ચીસો નાંખસો એક જ વાત કરતો હતો. મેં ચોરી કરી નથી.

બીજા દિવસે હાજરી પૂરતી વખતે મારા ધ્યાનમાં આવ્યું કે માર ખાનાર પેલો વિદ્યાર્થી શાળાએ આવ્યો નથી. પણ મેં તેની દરકાર કરી નહીં. બપોરના રિશેષનો સમય થયો ત્યારે હું બીજા શિક્ષકો સાથે બેઠો બેઠો ચ્હા પીતો હતો તે વખતે મૌલિક આવ્યો. તેણે આવી મને કહ્યું, સર, મારી પેન મળી ગઈ છે. તે દફતરમાંથી સરકીને શાળાના મેદાનમાં પડી ગયેલી. મિતાલીએ મને પાછી આપી.'

મેં તેની વાત તરફ ધ્યાન ન આપ્યું કે તે પછીના દિવસોમાં અક્ષયની ગેરહાજરી બાબતે પણ મેં જરા પણ વિચાર ન કર્યો. હું તો એ ઘટનાને બિલકુલ ભૂલી ચૂક્યો હતો.

વાત ને વર્ષો વીતી ગયા. કેટલાય વિદ્યાર્થીઓ મારા હાથ નીચે ભણીને આગળ વધ્યા. કોઈ ડૉકટર તો કોઈ એન્જીનીયર બન્યા હતા. કોઈ સમાજ સેવક તો, કોઈ ઉદ્યોગપતિ બન્યા હતા. આ વાતનું મને ગૌરવ હતું. રાષ્ટ્રપતિ દ્વારા મને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળ્યો હતો. હું પ્રમોશન લઈ આચાર્ય બન્યો. મારી નામના ખૂબ વધી હતી. મેં આપેલ શિક્ષણ અને સંસ્કારોને મારા શિષ્યો દિપાવી રહ્યા હતા..

'સર, શું વિચારમાં પડી ગયા...' અક્ષયે પૂછ્યું ત્યારે ભૂતકાળમાં ખોવાયેલો હું ફરી વાસ્તવિકતાની ધરતી પર આવ્યો.

'ના... ના... કંઈ નહીં.' હું એટલું માંડ બોલી શક્યો. હું તેની સામે જોઈ રહ્યો.

તેણે બે હાથ જોડી પોતાના હાથમાં રહેલ અગરબત્તીનું પૅકેટ મારા ચરણે મુકી દેતાં કહ્યું, 'સર, આ મારી નાનકડી ગુરુ દક્ષિણા છે... તમારું જીવન અને ખ્યાતિ આમ જ ફેલાતી રહે...'

હું મારી જાતને સંભાળું અને તેને કંઈ કહેવાનો પ્રયત્ન કરું તે પહેલાં તે ચાલી નીકળ્યો હતો. હું તેને બૂમ પાડી બોલાવવા માંગતો હતો. તેની બધી જ અગરબત્તીઓ ખરીદી લેવા માંગતો હતો, પણ હું કંઈ કરી ન શક્યો.

મને લાગ્યું કે મેં જેની જિંદગીમાં માત્ર ને માત્ર ધુમાડો ભરી દીધો હતો તે એકલવ્ય મારા માટે સુવાસની શુભેચ્છા પાઠવી ગયો.

હું અપરાધભાવે ચારે તરફ જોતો સ્થિર ઊભો રહ્યો.

# દીકરો વતન છોડીને પરદેશ ઊડી જાય ત્યારે



**ગુલમહોર**
દિનેશ દેસાઈ

છેલ્લા ઘણા દિવસોથી કાશીબા વ્યથિત હતાં. હૈયામાં ઉચાટ હતો. કેમેય કરીને ચેન પડતું નહોતું. રાતે ઊંઘ આવતી નહીં. જરાક સૂતાં હોય અને અચાનક ઝબકીને જાગી જાય. ઘર આખું ખાવા દોડે. પાંચ ઓરડાના મકાનમાં પોતે એકલાં જણ. છતા પરિવારે એકલાં ને નોંધારાં. થોડા દિવસ તો જેમ તેમ કરીને વીતી ગયા પણ હવે બધું સૂનું સૂનું લાગવા માંડ્યું હતું.

પડોશીઓ પણ વાતો કરવા લાગ્યાં હતાં પણ કાશીબા કયા મોઢે લોકો સાથે વાતો કરે? કેમ કે અત્યાર સુધી લોકોને જુદું સંભળાવ્યું હતું અને હવે લોકોએ જુદું સાંભળ્યું હતું. વાત વાયરે ચઢીને ગામમાં ફેલાઈ ગઈ હતી. ઘરની બહાર નીકળે ત્યારે રસ્તે જે મળે તે કાશીબાને પ્રશ્નાર્થભરી નજરે જોતાં પણ કાશીબા એમ મચક આપે એવાંય નહોતાં.

સૂંડલામાં શાક ભરીને ફેરી કરતી કશલીએ એક વાર તો પુછી જ નાખ્યું કે ''કાશીબા, તમે તો મોટા ઉપાડે કાયમ માટે શહેરમાં વસતા દીકરાના ઘરે રહેવા ગયાં હતાં ને? આમ ગણતરીના દિવસોમાં જ પાછાં કેમ આવી ગયાં?''

કૌશલ્યા નામથી એને કોઈ ન ઓળખે. બધા એને કશલી કહીને જ બોલાવે. વળી જબાનની મીઠી એટલે બધા એની પાસેથી જ શાકભાજી લે. દિલની ભોળી પણ થોડો પંચાતિયો સ્વભાવ ખરો. વાતોડિયણ પણ ખરી એટલે ગામ આખાની વાતો જાણે.

કશલીએ તો જાણે ચૂંટિયો ભર્યો હોય એમ કાશીબા છેડાઈ પડ્યાં અને બોલ્યાં કે ''તને બધાએ બહુ માથે ચઢાવી રાખી છે. એ તો ઠીક છે કે હું જવા દઉં છું. ચાલ, છાનીમાની દોઢ સો ગ્રામ દૂધી જોખી દે, એટલે પછી હું ઢેબરા ટીપવા માંડુ. તું તો નવરી છે ને મારે હજી ઘણાં કામ કરવાનાં બાકી છે.''

''બા, ખોટું ના લગાડશો પણ આ તો તમારી સાથે જીવ મળી ગયેલો છે એટલે પુછી નાખ્યું.'' કશલીએ વાત ચાલુ જ રાખી.

બા હવે જરા નરમ પડ્યાં હતાં ને બોલ્યાં કે ''ના, વાત એવી નથી, જેવી તમે બધા લોકો માનો છો.''

''તો પછી વાત શું છે એ તો કહો, લોકો કેવી કેવી વાતો કરે છે? એકના એક છોકરાએ તમને ઘરમાંથી કાઢી મૂક્યાં તે તમારે આ ગામડે ગામ એકલાં રહેવાં આવવું પડ્યું. દીકરાની વહુ તમને ત્રાસ દેતી હતી અને એવું બધું...'' કશલીએ તો પુછી જ નાખ્યું.

> દેવના દીધેલ જ્યારે મોટા થઈને ડામ દે ત્યારે ડીલ નહિ, દિલ સળગી ઊઠતું હોય છે. કાશીબાના પડોશના મકાનને પણ વરસાદથી નુકસાન થયું હતું. પાડોશીએ ઘર રિપેર કરાવવાનું કામ કાઢ્યું હતું, પાડોશીએ રિપેરિંગ કરાવવા ભાગે પડતો ખર્ચો માંગ્યો હતો, પણ કાશીબા શું બોલે ?

થોડી વાર માટે સ્તબ્ધ થઈ ગયેલાં કાશીબા આખરે ગળગળા થઈ ગયા. કહે કે ''મારો છોકરો છે ને મારી વહુ છે. અહીં ગામમાંય મારું જ ઘર છે ને? મારી મરજી, મારે શહેરમાં રહેવું કે ગામમાં. એમાં લોકોને શું?''

કશલી પણ શાકભાજીનો સૂંડલો કોરાણે મૂકીને ઊભા પગે બેસી પડી.

હવે કાશીબાનો બંધ તૂટી પડ્યો: ''નથી મારી વહુએ કાઢી મૂકી કે નથી મારા દીકરાનો કોઈ વાંક. વાંક તો મારા કરમનો, મારા નસીબનો.''

નાનકડા ગામમાં જીવાભાઈ પટેલ આબરુદાર માણસ. જીવાભાઈ – કાશીબાને એકનો એક દીકરો, અનિકેત. ભણવા-ગણવા શહેરમાં મોકલ્યો ને શહેરનો થઈને જ રહી પડ્યો. પટેલની ખેતીવાડી વરસોવરસ સૂકાતી ચાલી. ઘરના કામકાજમાં ધ્યાન કોણ આપે? પાછલી અવસ્થાએ વળી જીવાભાઈ પણ બિચારા કેટલું ખેંચે? ઘરનું ગાડું જેમતેમ ગબડતું. બે માણસને વળી ખાવા પણ કેટલું જોઈએ?

અનિકેતે શહેરમાં જ ગુપચુપ લગ્ન કરી લીધાં હતાં. એને બીક હતી કે મા-બાપને કહીશ તો ગામડા ગામની કન્યા સાથે જ સગપણ કરાવી દેશે. પટેલને ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને રહી રહીને હૃદયરોગે પણ સપડાવ્યા. કાશીબાએ પણ હામ ન હારી. બધા ખર્ચને પહોંચી વળવા ધીરે ધીરે બધી જમીન વેચાવા માંડી. ખાટલે પડેલા પટેલને શું ખબર કે હૉસ્પિટલ અને દવાના ખર્ચા ક્યાંથી આવે છે? આખરે પટેલ માંદગી સામે હારી ગયા અને હૃદયરોગના ત્રીજા હુમલામાં દેવ થઈ ગયા.

એકલાં પડેલાં કાશીબા પાસે ગામડે મા-બાપને મળવા જ્યારે વહુ અને બે બાળકોને લઈને અનિકેત આવ્યો ત્યારે તેને તો ખબર પડી હતી કે હવે બાપ રહ્યા નથી. જો કે બાપના જીવતે જીવ તો દીકરાની હિંમત નહોતી કે પ્રેમલગ્ન કર્યાની વાત કરે અને મ્હોં બતાવી શકે. કદાચ બાપના મર્યાની વાત ઊડતી ઊડતી પણ સાંભળી હોય, એટલે જ હવે દીકરો ગામ આવ્યો હોય એ સમજતાં કાશીબાને કંઈ વાર ન લાગી. જો કે વરસો પછી દીકરો ઘરે પાછો ફર્યાનો હરખ અને મૂડીનું વ્યાજ કોને વહાલું ન લાગે?

દીકરો લોકલાજે ગણો કે મોટા ઉપાડે ગણો પણ એકલાં પડેલાં બાને શહેરમાં સાથે લઈ તો આવ્યો પણ બાને દીકરા-વહુ સાથે ન ફાવ્યું તે ન જ ફાવ્યું. કદાચ વહુએ જ બાને ફાવવાં ન દીધાં.

''બા, તમે વહેલાં ઊઠી જાવ છો એ તો સારી વાત છે પરંતુ સવેલા નાહી-ધોઈને તૈયાર થઈ જતાં હોવ તો?'' નિકિતા વહુ કહેતી.

''હું તો મારા ગામડામાં જેમ બધા કામ પરવારીને પછી જ નાહવા-ધોવાનું કરીશ.'' બા કહેતાં.

''– પણ વહેલાં તૈયાર થાઓ, સ્વચ્છ અને સુઘડ કપડાં પહેરો તો જરા સારું લાગે ને. વળી, હવે તો તમે અહીં શહેરમાં આવી ગયાં છો ત્યારે તમારે ગામ જેવાં કોઈ કામ પણ કરવાનાં નથી અને અહીંની રીત-ભાત પ્રમાણે રહો તો અમારું પણ સારું લાગે. અહીંના પ્રમાણે તમારે ટેવ પાડવી પડશે, જો અહીં રહેવું હોય તો –'' વહુ બોલી પડી.

અનુસંધાન પાના નં ૭ પર

# યાદોની ઢગલાબાજી...!! નો ટ્યુશન, નો ટેન્શન, ઓન્લી બિન્દાસ્ત ઉજવાતું વેકેશન...!!



**Hello ફ્રેન્ડસ!**
સંજય થોરાત 'સ્વજન'
mail@sanjaythorat.com

'રાજુ, તારી ચોપડીઓ મારાં માટે રાખજે...' કમલેશે ધોરણ-૬ની પરીક્ષા પતતાં જ એક ધોરણ આગળ ભણતાં રાજુને કહી દીધું. આ પાછો છેલ્લાં કેટલાય વર્ષોથી નિત્યક્રમ. એ રાજુની જૂની ચોપડીઓ અડધી કિંમતી ખરીદી લેતો. સિલેબસ બદલાય અને એકાદ નવી ચોપડી પૂરી કિંમત સાથે ખરીદવી પડે તોય એને આકરું લાગતું. જૂની નોટોનાં કોરાં કાગળો ફાડીને એ રફનોટ બુક બનાવી લેતો. નોટ બનાવવાને કારણે જ એ સોય દોરો પરોવતા શીખેલો...



કમલેશની નાની દીકરીએ પરીક્ષા પતતાં જ દફતર પટક્યું અને નવી ચોપડીઓ - નોટબુકનું પ્રિન્ટેડ લીસ્ટ પકડાવ્યું અને એ અચાનક એનાં બાળપણમાં જઈ પહોંચ્યો...

સોસાયટીમાં રહેતા મોટા ભાગના મિત્રો મામાના ગામ જવાનું પ્લાનિંગ કરતાં. કમલેશના મામાનું ગામ ખાસ્સું દૂર અને મોટા પરિવારને ભાડું પણ પોસાય નહીં એટલે બે કે ત્રણ વર્ષે અથવા કોઈ લગ્નપ્રસંગે મામાનું ઘર ભાળવા મળે... એ સોસાયટીના એના મિત્ર જયના પપ્પાને પણ મસ્કા મારી આવતો, 'જેન્તી કાકા, માળિયામાં પડેલા ઝગમગ- ફુલવાડી લેવા કયારે આવું.' એનો મિત્ર એ મહિનામાં મામાને ત્યાં હોય ત્યાં સુધી તો કમલેશ એના માળિયે ચડી, બધાં મેગેઝીન ઉતારી - ગણીને કાકાને કહેતો અને જય પાછો આવે એ પહેલાં બધાં જ મેગેઝીન વાંચીને નવરો થઈ જતો.

કમલેશને ખબર હતી કે સવારે આઠ વાગે તો મેચ ઠરાવેલી હોય એટલે એ પહેલાં નાહી ધોઈને બહાર... બંને ટીમોના રૂપિયા ભેગા કરીને ટેનિસ બોલ ખરીદવાનો અને જે જીતે એ બોલ લઈ જાય... સાયકલના પાછલા ટાયરને સ્ટમ્પ બનાવી કે દિવાલે કોલસાથી સ્ટમ્પ ચિતરીને ક્રિકેટ રમાતું, બુચ કે રબરનો બોલ અને એ પણ ના હોય તો સાયકલની ટ્યુબની રિંગો ચઢાવીને દડો બનાવાતો અને એનાથી ક્રિકેટ...

બપોર થાય એટલે પત્તાની ઢગલાબાજી, ચારસોવીસ, ગધ્ધાચોર, કોટ, રમી, કેટ કેટલું રમાતું. નવો વેપાર રમીને જ તો એનો હિસાબ પાક્કો થયેલો, કેટલાં રૂપિયામાંથી શું ખરીદવું ?એ ના નવા વેપારે શિખવાડેલું. સાપસીડી - લુડો અને કૅરમ (મિત્રોનું જ સ્તો) એ રમવા ભાઈબંધી કરેલી... લખોટી એની પ્રિય રમત હતી, એને બધાં અંટોડી કહેતા, ગબીમાં લખોટી નાંખવામાં કલમેશ નિષ્ણાંત, લખોટી જીતવી પછી એને વેચવી, એમ કરતાં એ ત્યારે જ પૈસા કમાતા થયેલો !

રાજે આઈસપાઈસ કે ઈંડુ, થપ્પો કે આંધી ચાકર કેટલી દેશી રમતો ? અને પેલું સાયકલનું ટાયર લઈને દોડાવવું - હરિફાઈ કરવી? કમલેશને બધું યાદ આવતું હતું. બપોરે ખુલ્લાં પગે તો મિત્રો સાથે કેરીઓ પાડવા જતો. કેરી પાડવી, લઈને ભાગવું અને પછી કોઈના ઘર પાછળ સંતાઈ પથ્થરથી કેરી ટીચીને એના ભાગલાં કરી મીઠું-મરચું ભભરાવી જે આનંદ માણ્યો છે એ કદાચ આજના એક ઓર્ડરમાં આવતાં મેંગો મહ્લોમાં પણ નથી !

> **કુલ્ફી - ગોળા તો ઉધારી કેરાં, ભાડાની સાયકલના આંટાફેરા. નવો બજારનો આટા પાટા, લાઈટને થાંભલે ગામ ગપાટા !**

ત્રણ માળના સરકારી મકાનમાં ધાબે ઉભરાતી પાણીની ટાંકીના નીચેના ધધુડા પર નાહેલાં દિવસો યાદ આવ્યાં, એ પાણીથી ધાભુ ધોઈ નાંખવાનું અને સાંજ પડે, ધાબુ સુકાય એટલે શેતરંજી પાથરી દેવાની, ઑશીકું તો માત્ર પપ્પા માટે જ હોય ! પથારી ઠંડી થતી તો સાથે સાથે માટીની વાસ આવતું માટલું પણ ભરીને મૂકી દેવાતું જેથીરાત પડે ચિલ્ડ પાણી પીવા મળે. રાત્રે પરિવાર સાથે અઠવાડિયે એકવાર શેરડીનો રસ પીવા જવાનો કાર્યક્રમ હોય, ભૈયાજીના ત્યાં પણ ખાતું ચાલતું હોય.

વૅકેશનમાં સૌના ઘરે બારેમાસ ભરવાના ઘઉં આવતાં. અત્યારે તો મશીન સફાઈ થઈને ચકાચક મોટાં દાણાંનાં ઘઉં આવે છે, માત્ર મોઈને કોઠીમાં ભરી દેવાના, પણ ત્યારે તો જીણો દાણો અને કાંકરીની ભરમાર... બપોરે બધાંએ ફરજિયાત ઘઉં વીણવા બેસવું પડતું અને પ્રલોભનમાં કુલ્ફી અથવા બરફનો ગોળો રહેતો. જે દિવસે પાંચેય બોરી વિણાઈ જતી એ દિવસે સાંજે બરફનો ગોળો મળતો જે ચાર-પાંચ વખત ઓરેંજ - કાલા ખટ્ટા - કાચી કેરી - રોઝ જેવા ફલૅવર છંટાવીને પૂરો કસ નીકળે ત્યાં સુધી ચુસાતો..

કલમેશને યાદ આવ્યું કે એ ગોરસઆંબલી, શેતુર, રાયણ, પલપલીયાં, પપૈયા, કાતરાં પાડી લાવવાનાં પ્લાનિંગ કરતાં, ફ્રીજ તો કયાં હતું ? સોસાયટીમાં એકાદ જણને ત્યાં હોય એને કહેવાનું, 'માસી, એક ટ્રે બરફ અમારા માટે મુકજોને ?' અને સાંજ પડે એમના ઘરની આજુબાજુ આંટાફેરા મારવાનાં જેથી બીજું કોઈ બરફ ન લઈ જાય! આઈસ્ક્રીમ પણ માત્ર વેનીલા અને એ પણ નાનો કપ, આખો વેકેશન દરમિયાન એકાદવાર મળે તોય એની ચર્ચા ચાર દિવસ ચાલે ! સાંજ પડે અંધારું થાય એટલે ઘરે દીવાબત્તી કરી, ખીચડી-કઢી કે બટાકાનું શાક જમી ફરી પાછા લાઈટના થાંભલા નીચે ગામ-ગપાટા શરૂ થાય. જનરલ નૉલેજ કે મૅથ્સની પઝલ પણ રમાય...

ભણવાનું તો માત્ર સ્કૂલમાં જ રહેતું. ઘરે આવીને તો માત્ર રમવા જ જવાનું. કમલેશને ખબર હતી કે ટ્યુશન તો માત્ર ડફોળ વિદ્યાર્થીઓ માટે જ રખાતું અને એ પણ ભણવા ચોરીછૂપીથી જાય બાકી એ છોકરાને ડફોળ તરીકે ચીતરવામાં આવતો... હોમવર્ક કરવાની જવાબદારી તો પોતાની જ રહેતી. પપ્પાને કે મમ્મીને એ માટે સમય કયાં હતો ? હા, મમ્મી કયારેક રોટલી વણતાં ઘડિયા બોલાવતી કે પલાખાં પૂછતી એટલું જ. બાકી ઘણાંને પપ્પાઓને એમનો દીકરો-દીકરી શેમાં ભણે છે ? એ પ્રથમ પ્રયત્ને સાચો જવાબ નહોતા આપી શકતા !

કોઈ ખાસ ન્યુટ્રીશન ફૂડ વગર પણ હાઈટ - વધી જતાં અને રમતાં પછડાય - છોલાય તો ડ્રેસીંગ કરવા પણ જાતે સરકારી હોસ્પિટલ પહોંચી જતા. ધનુરનું ઈન્જેકશન તો વર્ષે એકવાર સામેથી મુકાવી લેતા. તાવ આવે તો દવા કેવી ? ઉકાળો કે હળદરનું દૂધ આપે એટલે મટી જાય. મા-બાપ કે બાળક બંનેને વેકેશન કેવી રીતે પસાર કરવું એનું કોઈ ટેન્શન જ નહોતું. કોઈ કલાસીસ કે શિબિરના રૂપિયા ખર્ચવાની તાકાત કે જરૂરિયાત બંને નહોતી !

ખાખી ચડ્ડી અને સફેદ શર્ટમાં આખું વર્ષ જતું. રંગીન કપડા તો માત્ર બુધવારે કે રવિવારે, અને એ પણ એક જ જોડ હોય. માબાપનો માર પડવો એ તો સામાન્ય ઘટના કહેવાતી. કોઈ વસ્તુ માંગવાની જીદ કરો એટલે પડે જ ! રિઝલ્ટ સારું આવે તો પિપરમિન્ટ અને ખરાબ આવે તો બે લાફામાં હિસાબ પુરો થઈ જતો. પપ્પા જો કયારેક સાયકલ પર ફરવા લઈ જાય તો એ વિમાન સવારથી કમ નહોતું, વેકેશનમાં મામાને ગામ નદીમાં ચાર ચાર કલાક છબછબીયા કરવાનો જે આનંદ મળ્યો છે એ તો ઓલિમ્પિક સ્વિમિંગ પુલમાં પણ નથી મળતો...

'પપ્પા, આ કેરીની ગોટલી ફેંકી દઉં ?' ના દીકરીના પ્રશ્નથી કમલેશ ઝબક્યો ત્યારે યાદ આવ્યું કે આપણે તો ગોટલીને પણ શેકીને કે બાફીને ખાધી છે. આને કહીશ તો પાછી મશ્કરી કરશે, એણ કહેતાં કમલેશે હળવેથી એ ગોટલીઓને સંતાડી દીધી, પત્ની અન દીકરી વેકેશનમાં જાય એટલે ગોટલી શેકીને એ બાળપણને ચગળવાનો હતો !

**ચૂંટલો :** વૅકેશન માણસનો સમય આવી ગયો છે. બાળકોને તમે રમેલી દેશી રમતો, ધૂળની મજા, કેરી પર તાકેલો પત્થર, પાણીમાં ધુબાકા બધું સાથે રહીને કરાવો, એમને તો મજા પડશે જ પણ તમે પણ તમારું બાળપણ પાછું જીવી લેશો, હા માત્ર થોડાં દિવસે મોબાઈલને માળીએ ચઢાવવો પડશે !